AHMEDABAD, SUNDAY, JANUARY 20, 2019 | VOL.NO-4, ISSUE NO-5 | www.theopenpage.co.in | facebook.com/theopenpage | TOTAL PAGE - 8 | INVITATION PRICE: ₹20/-

RNI NO. GUJGUJ/2015/64872

# ધી ઓપન પેજ

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

MONTHLY NEWS PAPER

From, The Open Page, 4th Floor Vishwa Arcade, Opp. Kum-Kum Party Plot, Nr. Akhbarnagar, Nava Wadaj, Ahmedabad - 380013 | Ph : 079-27621385/86

## આ અંકમાં શું વાંચશો?




**‘કેટ’ની પરીક્ષામાં ઉત્તીર્ણ થનારા ટૉપરની સફળતાનું રહસ્ય શું છે?**

આમ તો ‘ધ ઑપન પેજ’ના વાચકો શાળામાં ભણતા વિદ્યાર્થીઓ જ છે પરંતુ હવેના વિદ્યાર્થીઓ લાંબું આયોજન કરીને ચાલતા હોય છે. **પેજ ૩**



**દરિયાનાં મોંજાએ ઝઘડતાં બાળકોને શું સંદેશો આપ્યો?**

એક હતુ હાથપ નામનું ગામ. ગામમાં કેટલાંક બાળકો રવિવારની રજામાં દરિયા કિનારે રમી રહ્યાં હતાં. બાળકોને તો દરિયાના પટમાં રેતીનું ઘર બનાવવાનું બહુ ગમે. **પેજ ૪-૫**



**નવા વર્ષે સંકલ્પ લઈએ- વધુ સારા નાગરિક અને સારા વિદ્યાર્થી બનીશું**

આપણી પેઢી અત્યારે એક સંક્રમણના કાળમાંથી પસાર થઈ રહી છે. આપણે ઘણા બધા પડકારોનો સામનો કરી રહ્યા છીએ અને તેના ઉકેલો પણ શોધી રહ્યા છીએ. **પેજ ૭**



**સંગીતના સૂરોની સાધના - આરાધના...**

સંગીતના સાત સૂર એટલે - સા...રે... ગ...મ...પ...ધ...નિ...સા... આ સાત સૂર વિદ્યાર્થીના જીવનમાં તાણા-વાણાની માફક ગૂંથાયેલા છે. **પેજ ૮**


# સમગ્ર વિશ્વમાં મોંઘા શિક્ષણ સામે અજમાવાઈ રહ્યા છે નવીન ઉપાયો



**જયવંત પંડ્યા**
વરિષ્ઠ પત્રકાર અને કોલમિસ્ટ

વિશ્વભરમાં અત્યારે વાલીઓને અને વિદ્યાર્થીઓને કનડતો ને મૂંઝવતો જો કોઈ પ્રશ્ન હોય તો તે મોંઘા બની રહેલા શિક્ષણનો છે. મોંઘવારી કરતાં પણ શિક્ષણની ફી અને તેની સામે મળતું શિક્ષણ એ પ્રશ્ન વાલીઓને ઉંઘવા દેતો નથી. જોકે ગુજરાતમાં રાજ્ય સરકારે ફી નિયમન કાયદાનું કડક પાલન કરાવીને આ પ્રશ્ન ઘણી હદે ઉકેલ્યો છે પરંતુ આપણે સમગ્ર વિશ્વના પરિપ્રેક્ષ્યમાં વાત કરી રહ્યા છીએ.

વિશ્વમાં સરકારો શિક્ષણ પર ખર્ચમાં ઘટાડો કરી રહી છે. ‘ધ ગાર્ડિયન’નો રિપૉર્ટ છે કે ગયા વર્ષે રાજ્યની શાળાઓનું બજેટ ભારે ઘટ્યું હતું. માધ્યમિક શાળાઓને ખૂબ જ આકરી અસર આના કારણે પડી હતી.

એક સમય હતો જ્યારે શિક્ષણ સૌથી મહત્ત્વનું મનાતું હતું પરંતુ ધીમેધીમે સરકારો માટે શિક્ષણ એ ઓછા પ્રાધાન્યનો વિષય બની રહ્યો છે જે દુઃખની વાત છે. અમેરિકાની વાત કરીએ તો, અમેરિકામાં શિક્ષણ ક્ષેત્રે સિત્તેર લાખ જગ્યાઓ ખાલી છે. જોકે આવશ્યકતા એ શોધની જનની છે એ કહેવત મુજબ, ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે નવી પદ્ધતિઓ શોધાઈ અને વિકસાવાઈ રહી છે. એરિઝૉના સ્ટેટ યુનિવર્સિટી જેવી મોટી સરકારી યુનિવર્સિટીઓથી માંડીને અગ્રગણ્ય ખાનગી સંસ્થાઓ દ્વારા નવીન શોધો સ્વીકારાઈ રહી છે, તેને ધીરાણ અપાઈ રહ્યું છે અને તેને માન્યતા પણ મળી રહી છે.

## ૧. ઑનલાઇન શિક્ષણ

ઑનલાઈન શિક્ષણ આપતા કૉર્સમાં હવે વિદ્યાર્થીઓ વધુ ને વધુ જવા લાગ્યા છે. અમેરિકાની વાત કરીએ તો છેલ્લાં ૧૫ વર્ષમાં ઑનલાઈન કૉર્સમાં નોંધણી ચાર ગણી વધી છે. અન્ય દેશોમાં આટલી સંખ્યામાં નોંધણી નથી વધી પરંતુ ધીમેધીમે તેનું પ્રમાણ તો વધી જ રહ્યું છે. તેનું કારણ એ છે કે ઉચ્ચ શિક્ષણનો ખર્ચ ખૂબ જ વધી રહ્યો છે. જ્યારે ઑનલાઈન કાર્યક્રમોમાં લવચિકતા (ફ્લૅક્સિબિલિટી) વધુ હોય છે અને સામે પક્ષે ખર્ચ પ્રમાણમાં ઓછો. પેન્સિલ્વેનિયા યુનિવર્સિટીમાં કમ્પ્યૂટર એન્ડ ઈન્ફૉર્મેશન ટૅક્નૉલૉજીમાં માસ્ટર ડિગ્રીનો ઑનલાઈન કૉર્સ કેમ્પસમાં થતા કૉર્સના ખર્ચ કરતાં ત્રીજા ભાગના ખર્ચમાં કરી શકાય છે. આવા બીજા કૉર્સ પણ છે. એમઆઈટી વિદ્યાર્થીઓ કેમ્પસમાં ભણવા આવે તે પહેલાં ઈડીએક્સ મારફતે સપ્લાય ચેઈન મેનેજમેન્ટ ડિગ્રીનો એક હિસ્સો ઑનલાઈન ભણાવે છે. એરિઝૉના સ્ટેટ યુનિવર્સિટી વિદ્યાર્થીઓને ફ્રેશમેન એકેડેમીના ભાગરૂપે પહેલું વર્ષ ઑનલાઈન કરવા દે છે. બંને કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓ ડિગ્રીનો એક હિસ્સો ઑનલાઈન પૂરો કરે છે અને પછી કેમ્પસમાં પૂર્ણ ડિગ્રી મેળવવા માટે અરજી કરે છે.

## ૨. ક્ષમતા આધારિત શિક્ષણ (CBE)

ક્ષમતા આધારિત શિક્ષણમાં પણ વધારો થઈ રહ્યો છે. તેમાં વિદ્યાર્થીઓને તેમના શિક્ષણમાં તેમના કામ અને જીવન અનુભવને લાગુ કરવા દેવાય છે. આ ડિગ્રી કાર્યક્રમો ઓછા



ખર્ચાળ હોય છે અને વધુ કારકિર્દીલક્ષી હોય છે. વિદ્યાર્થીઓ કાર્યસ્થળે પ્રશિક્ષણ દ્વારા, બહાર વાંચન દ્વારા કે સંપૂર્ણ રીતે જીવનના અનુભવ દ્વારા કોઈ ચોક્કસ વિષય માટે જરૂરી ક્ષમતા અને જ્ઞાન ધરાવતા હોય તો તેઓ ટેસ્ટ આપી શકે છે અને ક્લાસ ભર્યા વગર તેમને ક્રેડિટ મળે છે. આ પૈકીના કેટલાક કાર્યક્રમો માટે ટાઈટલ IV ફંડિંગ (આર્થિક સહાય) ઉપલબ્ધ છે. વિસ્કૉન્સિન અને સાઉધર્ન ન્યૂ હૅમ્પશાયર યુનિવર્સિટી આવી સહાય ઉપલબ્ધ કરાવે છે. લગભગ ૬૦૦થી વધુ શૈક્ષણિક સંસ્થાઓ કાં તો આવા સીબીઈ કાર્યક્રમો પર વિચાર કરી રહી છે અથવા તેમણે આવા કાર્યક્રમો શરૂ કર્યા છે. વર્ષ ૨૦૧૩થી વર્ષ ૨૦૨૦ સુધીમાં આ કાર્યક્રમોમાં વૃદ્ધિનો આંકડો બે આંકડામાં પહોંચવા સંભવ છે. તેમની લોકપ્રિયતા વિદ્યાર્થીઓ અને નોકરી પ્રદાતાઓમાં વધી રહી છે

## 3. આવક વહેંચવાની સમજૂતીઓ(ISAs)

અમેરિકામાં, ખાનગી ક્ષેત્ર વિદ્યાર્થીઓને આવક વહેંચવાની સમજૂતી દ્વારા દ્વારા લૉન અંગેની મૂંઝવણ દૂર કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. ઑસ્ટ્રેલિયા જેવા દેશોમાં સરકાર દ્વારા સમજૂતી (એગ્રીમેન્ટ) થતી હોય છે જેમાં વિદ્યાર્થીઓને જ્યાં સુધી નોકરી ન મળે અને તેઓ ચોક્કસ આવક મર્યાદાએ ન પહોંચે ત્યાં સુધી તેમણે તેમની લૉન ચુકવવાની હોતી નથી. હાલમાં અમેરિકામાં ખાનગી કંપનીઓ આ પ્રકારનો વિકલ્પ આપી રહી છે. દા.ત. વેમો ઍજ્યુકેશન યુનિવર્સિટીઓ અને કૌશલ્ય પ્રદાતાઓ સાથે મળીને આવી સમજૂતીઓ કરે છે. સંસ્થાઓ કોઈ વચેટિયા વગર સીધા પ્રસ્તાવો પણ કરે છે જેમાં વિદ્યાર્થીઓએ તેમને નોકરી મળે તેના પહેલાં પાંચ વર્ષ માટે તેમની આવકના ૨૦ ટકા રકમ ચુકવવાની હોય છે અને જો તેમને નોકરી ન મળે તો તેઓ ચુકવણી માટે જવાબદાર હોતા નથી. આ રીતે સંસ્થાઓ વિદ્યાર્થીઓ સાથે જોખમ ઉઠાવે છે.

## ૪. ઑનલાઇન પ્રૉગ્રામ મેનેજર (OPM)

ઑનલાઈન પ્રૉગ્રામ મેનેજર પરંપરાગત યુનિવર્સિટીઓને તેમના ઑનલાઈન ડિગ્રી અથવા પ્રૉગ્રામ પ્રસ્તાવોને બનાવવા અને જાળવવામાં મદદ કરે છે, જેનાથી બિનપરંપરાગત વિદ્યાર્થીઓ માટે નવો અને લવચિક વિકલ્પ ખુલે છે. આવક વહેંચણીના મોડલના આધારે યુનિવર્સિટી કન્ટેન્ટ પૂરું પાડે છે, ઓપીએમ તેને ઑનલાઈન મૂકે છે અને માર્કેટિંગ માટે પ્રયાસો કરે છે. આ પ્રકારના બજારમાં અત્યારે 2U અગ્રણી છે. તેણે નોર્થ કેરોલિના યુનિવર્સિટી સાથે જાહેર આરોગ્યમાં ઑનલાઈન માસ્ટર ડિગ્રી કૉર્સ માટે ભાગીદારી કરી છે. આ ક્ષેત્રે બીજો નાનો પણ ઝડપથી વિકસી રહેલો ખેલાડી છે કૉર્સેરા. તે પેન્સિલ્વેનિયા, મિશિગન અને એચઈસી પેરિસ સહિતની યુનિવર્સિટીઓ સાથે કામ કરે છે. ટ્રાયોલૉજી ઍજ્યુકેશન ટોચની યુનિવર્સિટીઓ સાથે ભાગીદારી કરીને કૉડિંગ અને સાઈબર સિક્યૉરિટી જેવાં ક્ષેત્રોમાં વ્યક્તિગત કૌશલ્ય પ્રશિક્ષણ જેવા કાર્યક્રમો ચલાવે છે. ઑર્બિસ ઍજ્યુકેશન યુનિવર્સિટીઓ સાથે ભાગીદારી કરીને આરોગ્ય કાળજી પ્રદાતાની જે અછત છે તે પૂરી કરવા પ્રયાસ કરે છે. જ્યારે એક્સેકઑનલાઈન ટોચની બિઝનેસ સ્કૂલો સાથે ભાગીદારી કરીને એક્ઝિક્યુટિવ લીડરશિપ કૉર્સ ઑનલાઈન આપે છે.

## ૫. એન્ટરપ્રાઇઝ ટ્રેઇનિંગ કંપનીઓ

એક તરફ કંપનીઓને સારા કૌશલ્યવાળા લોકો નથી મળી રહ્યા તો બીજી તરફ જેમની પાસે કૌશલ્ય છે તેમને સારી નોકરી નથી મળી રહી. આ સ્થિતિ વિશ્વભરમાં છે. આ માટે કેટલીક કંપનીઓ કૉર્પોરેશનો સાથે કામ કરીને સુનિશ્ચિત કરે છે કે કર્મચારીઓમાં યોગ્ય કૌશલ્ય હોય. ટ્રાયોલૉજી ઍજ્યુકેશન ઉપર જણાવ્યું તેમ યુનિવર્સિટીઓ સાથે તો ભાગીદારી કરે જ છે, પરંતુ તે કંપનીઓને નોકરી અને પ્રશિક્ષણમાં સારી પ્રતિભાવાળા લોકો મળી રહે તે પણ જુએ છે. એક સફળ મોડલ પ્લુરલસાઈટનું પણ છે. તે આઈટી અને સૉફ્ટવેર ડેવલપર ટ્રેઈનિંગ માટે ઑનલાઈન મંચ છે. તેની સફળતાનું રહસ્ય એ છે કે તેની સામગ્રી એકદમ કેન્દ્રિત, ઉદ્યોગલક્ષી આધુનિક છે અને નોકરી પ્રદાતાઓ સાથે નજીકના સંબંધો છે. આ જ રીતે રેવાચર પણ છે જેનું અનોખું મોડલ છે. તે યુનિવર્સિટીઓ સાથેની ભાગીદારી અને નોકરી પ્રદાતાઓ સાથે નિકટના સંબંધોનો ઉપયોગ કરીને એવો પ્રૉગ્રામ આપે છે જ્યાં વિદ્યાર્થીઓ તેમને નોકરી મળે તે પછી બે વર્ષના સમયગાળામાં તેમની ટ્યૂશન ફી ભરે છે.

## ૬. પાથવૅ પ્રૉગ્રામ

વિશ્વભરના જે તેજસ્વી વિદ્યાર્થીઓ છે અને જેમની પાસે નાણાંની સગવડ છે તેઓ મોટા ભાગે વધુ ભણવા યુ.એસ., યુ.કે. અને ઑસ્ટ્રેલિયાની વાટ પકડે છે. આ રીતે વર્ષ ૨૦૧૫માં આંતરરાષ્ટ્રીય મોબાઈલ વિદ્યાર્થીઓની સંખ્યા ૪૫ લાખ હતી તે વર્ષ ૨૦૩૦માં સિત્તેર લાખ થવાની સંભાવના છે. આવા વિદ્યાર્થીઓમાં ચીન, ભારત, સાઉદી અરેબિયા અને દક્ષિણ કોરિયાના વિદ્યાર્થીઓની સંખ્યા ૫૦ ટકા છે. પાથવૅ પ્રૉગ્રામ એવા પ્રૉગ્રામ છે જે આ રીતે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને અમેરિકાની સંસ્થાઓમાં પ્રવેશમાં મદદરૂપ થાય છે. યુ.કે. સ્થિત સ્ટડી ગ્રૂપ અને અમેરિકા સ્થિત શૉરલાઈટ યુનિવર્સિટીઓ સાથે આ કાર્યક્રમો ઊભા કરવામાં ભાગીદારી કરે છે અને આવક વહેંચણી મોડલનો ઉપયોગ કરીને યુનિવર્સિટીઓ માટે વધારાની આવકનો સ્રોત ઊભો કરે છે. આ પૈકીના મોટા ભાગના પ્રૉગ્રામ અમેરિકામાં જ હતા પરંતુ હવે તે ચીન જેવા દેશોમાં પણ છે જે ઘણા વિદ્યાર્થીઓને બહાર ભણવા મોકલે છે.

આ રીતે જેમજેમ પરિસ્થિતિ બદલાતી જાય છે તેમતેમ તેના નવાનવા ઉકેલો પણ શોધાઈ રહ્યા છે. આથી મૂંઝાવાની જરૂર નથી, જરૂર છે યોગ્ય દિશા પકડવાની અને પૂરતું માર્ગદર્શન મેળવવાની

# મધર્સ પેટ એસવીએસ ઈંગ્લિશ સ્કૂલ ઉત્સવ ૨૦૧૮નું આયોજન






મધર્સ પેટ એસવીએસ ઇંગ્લિશ સ્કૂલ ઉત્સવ ૨૦૧૮નું આયોજન કર્યું છે. જે માતાપિતા, વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ વચ્ચે તંદુરસ્તી જાગરૂકતા માટે સવારમાં વોકાથન અને રુનાથન સાથે શરૂ થઈ હતી. માતા-પિતા માટે વિદ્યાર્થીઓ અને રમતો માટે વિવિધ સ્પર્ધાઓ સાથે આ ઇવેન્ટ ચાલુ રહી. સાંજે અતિશયોક્તિ એ વિદ્યાર્થીઓ દ્વારા ભારતના વિવિધ રાજ્યોની રજૂઆત અને આશ્ચર્યજનક કામગીરીથી ભરેલી હતી, તે માતા-પિતા દ્વારા સંસ્કૃતિ, કલા અને ખોરાક છે.







## દિવાન બલ્લુભાઈ સેકન્ડરી સ્કુલ, પાલડી ખાતે સાંસ્કૃતિક પ્રોગ્રામ “એટલા ભારત”નું આયોજન





દિવાન બલ્લુભાઇ સેકન્ડરી સ્કુલ, પાલડી ખાતે સાંસ્કૃતિક પ્રોગ્રામ “એટલા ભારત”નું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં ભારતીય ઇતિહાસના સાત મહત્ત્વના તબક્કાઓ દર્શાવતી એક પ્રદર્શનના એક અનન્ય સ્વરૂપમાં રજૂ કરવામાં આવ્યો હતો. પ્રાચીન યુગમાં સામાજિક વ્યવસ્થામાં શિક્ષણ અને સાહિત્યના ઉત્ક્રાંતિથી શરૂ થતાં અને આયુર્વેદ અને ગણિતશાસ્ત્ર જેવા વિષયોથી નૃત્ય, સંગીત અને કલા માટે વિદ્યાર્થીઓએ પ્રાચીન ભારતની થીમ્સ અને માળખાંને સારી રીતે કલ્પના કરી હતી. યજ્ઞ, ગુરુ-શિષ્યા, અકબર દરબાર, આચાર્ય અને ઘણું બધું આ પ્રદર્શનની મુખ્ય બાબતો હતી. વિદ્યાર્થીઓએ પ્રાચીન યુગને વિવિધ કલા અને નૃત્ય સ્વરૂપો દ્વારા પ્રદર્શન કર્યું હતું. મુલાકાતીઓ ખરેખર ભૂતકાળની મુસાફરીનો આનંદ માણ્યો અને હૃદયપૂર્વક બાળકોની પ્રદર્શનની પ્રશંસા કરી.





## ડી.પી. સ્કૂલ, નવા વાડજ પરિવાર તરફથી શૈક્ષણિક પ્રવાસનું આયોજન







ડી.પી. સ્કૂલ, નવાવાડજ પરિવાર તરફથી શૈક્ષણિક પ્રવાસનું આણંદ જિલ્લાના બોરસદ મુકામે “કેમ્પ ડીલી રિસોર્ટ” સ્થળે આયોજન કરેલ હતું. નિયત સમયે શાળા પ્રાંગણમાંથી બસ ઉપાડવામાં આવી. જેમાં ૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓ અને ૨૫ જેટલા શિક્ષકો ગયા હતા. જેમાં વિદ્યાર્થીઓએ જુદી-જુદી પ્રવૃત્તિઓ કરી આનંદ માંણ્યો હતો.

## તપોવન સ્કૂલ, પાટણમાં નાતાલ પર્વની ભવ્ય ઉજવણી કરાઈ



તપોવન સ્કૂલ, પાટણમાં નાતાલ પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકોએ સાન્તાક્લોઝની વેશભૂષા ધારણ કરી બાળકોને ચોકલેટ આપી હતી. સાથે-સાથે ફેન્સી ડ્રેસ કોમ્પીટીશનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ડોક્ટર, ઝાંસીની રાણી લક્ષ્મીબાઇ, મારવાડી, પંડિત, બંગાળી સ્ત્રી, મોડેલ, સંગીતકાર વગેરે જેવા પાત્રો બાળકો દ્વારા ભજવવામાં આવ્યા હતા. સ્પર્ધાને એતે વિજેતા બાળકોને ઇનામ તથા પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. આમ બાળકોને આવનાર વર્ષ ૨૦૧૯ને અનોખી શૈલીમાં ઉજવી હતી.

## શ્રી લધરામ સ્કૂલ, માંડવી, વડોદરામાં વાર્ષિક સમારોહ “માય ફેમિલી” થીમ પર કાર્યક્રમનું આયોજન







શ્રી લધરામ સ્કૂલ, માંડવી, વડોદરામાં વાર્ષિક સમારોહ “માય ફેમિલી” થીમ પર કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જાણીતા સિંધી વ્યક્તિત્વ શ્રી એલ.આર. ચંચલાણી (સિંધી પંચાયત, વાઘોડિયા), શ્રી કમલેશ વાધવાની (સિંધી કાઉન્સિલ) શ્રી રાજુ એલ. ચંદાની (સિંધી એસોશિએશન), શ્રી ચતુર ભાગિયા (સિંદી એસોશિએશન), આ કાર્યક્રમમાં સન્માનિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. સિંધી ભાષાના મહાન અગ્રણી લેખક અને સિંધી સંગીતના સક્રિય સભ્ય આશા ચાંદ પણ સચિવ શ્રી જી.વી. મોરજાની સાથે હાજર રહ્યા હતા. આચાર્યશ્રી શીલા પાંડેએ સ્વાગત સાથે આ કાર્યકર્મને દિપાવ્યો હતો.

**વૈધાનિક સૂચના: ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.**
**ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.**

# ‘કેટ’ની પરીક્ષામાં ઉત્તીર્ણ થનારા ટૉપરની સફળતાનું રહસ્ય શું છે?

**વિદ્યાર્થી ખરેખર જ્યારે પરીક્ષા આપે ત્યારે તેને કેવી સ્થિતિનો સામનો કરવો પડશે તેનો અંદાજ અભ્યાસ પરીક્ષા આપવાથી આવે છે**

આમ તો ‘ધ ઑપન પેજ’ના વાચકો શાળામાં ભણતા વિદ્યાર્થીઓ જ છે પરંતુ હવેના વિદ્યાર્થીઓ લાંબું આયોજન કરીને ચાલતા હોય છે. તેમનું લક્ષ્ય નક્કી હોય છે કે તેમને ‘નીટ’ની પરીક્ષા દેવાની થશે કે ‘કેટ’ની. તાજેતરમાં ‘કેટ’ની પરીક્ષાનું પરિણામ આવ્યું. વિદ્યાર્થીઓ ભવિષ્યમાં ભલે ‘કેટ’ની પરીક્ષા આપવાના હોય કે ન આપવાના હોય, પરંતુ આ પરિણામોમાં જેમણે સફળતા મેળવી છે તેમના વિશે જાણવાથી તેમના માટે પ્રેરણાની કેડી જરૂર ખુલશે.

આ વખતે કૉમન ઍડ્મિશન ટેસ્ટ તરીકે જાણીતી કેટ પરીક્ષામાં ૧૧ વિદ્યાર્થીઓએ ૧૦૦ પર્સન્ટાઇલ માર્ક મેળવ્યા. તેમાં રૌનક મજુમદાર જે ૨૨ વર્ષનો છે તેને ટૉપર જાહેર કરાયો છે. રૌનક મજુમદાર આઈઆઈટી કાનપુરનો વિદ્યાર્થી છે. તે મુંબઈ નજીક થાણેનો રહેવાસી છે. તેણે ૧૦૦ પર્સન્ટાઇલ મેળવ્યા છે. તે હાલમાં અમેરિકાની એક બહુરાષ્ટ્રીય ફાઈનાન્સ કંપની સાથે કામ તો કરી જ રહ્યો છે!

એક વાતચીતમાં રૌનકે કહ્યું કે તેણે કેટની તૈયારી ગત ઑગસ્ટથી શરૂ કરી દીધી હતી. તે પાયાના વિષયોમાં ખૂબ જ સબળ હતો. તેણે કહ્યું કે “મારા માટે સમય પ્રબંધન (ટાઈમ મેનેજમેન્ટ) અને દાખલા ગણવાની યુક્તિઓ પર કામ કરવું ખૂબ જરૂરી હતું. કેટના મજબૂત પાયાઓ પૈકીના આ છે. મેં આને ધ્યાનમાં રાખીને મારી રણનીતિ ઘડી. આ માટે અભ્યાસ પરીક્ષા આપી. માત્ર પરીક્ષા આપીને બેસી ન રહ્યો, પરંતુ પરીક્ષામાં શું ખોટું થયું તેનું વિશ્લેષણ કર્યું અને મારી નબળાઈ હું કેવી રીતે સુધારી શકું તેના પર વિચાર કરી તેને દૂર કરવા આગળ વધ્યો.”

રૌનકને તેની તૈયારીની રણનીતિ અંગે પૂછાતાં તેણે કહ્યું કે તેની તૈયારી મોટા ભાગે અભ્યાસ પરીક્ષાઓ આપવા અને તેનું વિશ્લેષણ કરવા આસપાસ જ કેન્દ્રિત રહી. કેટની તૈયારી માટે અભ્યાસ પરીક્ષાઓ આપવી તે અગત્યનો ભાગ છે કારણકે તેનાથી વિદ્યાર્થી ખરેખર જ્યારે પરીક્ષા આપે ત્યારે તેને કેવી સ્થિતિનો સામનો કરવો પડશે તેનો અંદાજ આવે છે. રૌનક કહે છે, “હું મક્કમપણે માનું છું કે ખ્યાતિપ્રાપ્ત સંસ્થાઓ દ્વારા લેવાતી અભ્યાસ પરીક્ષાઓ કેટની તૈયારી માટે આવશ્યક જ છે કારણકે તે સંસ્થાઓ તમને એ માપવામાં મદદ કરે છે કે તમે તમારા સાથી પરીક્ષાર્થીઓની તુલનામાં ક્યાં ઊભા છો.”

રૌનક મજુમદાર ફાઈનાન્સમાં કારકિર્દી બનાવવા માગે છે. ખાસ કરીને તેને ઇન્વેસ્ટમેન્ટ બૅન્કિંગમાં કારકિર્દી બનાવવામાં રસ છે. મજુમદારે ગયા વર્ષે ચાર્ટર્ડ ફાઈનાન્સિયલ એનાલિસ્ટ લેવલ ૧ કૉર્સની પરીક્ષા પણ પાસ કરી છે અને તે બીજા લેવલની પરીક્ષા ચાલુ વર્ષે આપશે.

રૌનક મજુમદાર ઉપરાંત છ બીજા પરીક્ષાર્થીઓ જેમણે ૧૦૦ પર્સન્ટાઇલ મેળવ્યા છે તેઓ મહારાષ્ટ્રના છે. પશ્ચિમ બંગાળના બે ટૉપર છે. તે પછી એક બિહાર અને એક કર્ણાટકનો છે. કેટ ૨૦૧૮ની પરીક્ષા ૨૫ નવેમ્બરે લેવાઈ હતી અને તેનું પરિણામ પાંચ જાન્યુઆરી ૨૦૧૯એ જાહેર થયું. બે લાખથી વધુ પરીક્ષાર્થીઓએ આ પરીક્ષા આપી હતી. જે પરીક્ષાર્થીઓએ પરીક્ષા પાસ કરી છે તેઓ ખ્યાતિપ્રાપ્ત આઈઆઈએમ અને અન્ય મેનેજમેન્ટ કૉલેજોમાં પ્રવેશ મેળવી શકશે.

હવે આપણે આઈઆઈએમ અમદાવાદમાં ૨૦૧૭-૧૯માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ જેમણે આ ખ્યાતિપ્રાપ્ત સંસ્થામાં પ્રવેશ મેળવ્યો છે તેમની અભ્યાસ કારકિર્દી કેવી છે તે જોઈએ.



**રૌનક કહે છે, “હું મક્કમપણે માનું છું કે ખ્યાતિપ્રાપ્ત સંસ્થાઓ દ્વારા લેવાતી અભ્યાસ પરીક્ષાઓ કેટની તૈયારી માટે આવશ્યક જ છે કારણકે તે સંસ્થાઓ તમને એ માપવામાં મદદ કરે છે કે તમે તમારા સાથી પરીક્ષાર્થીઓની તુલનામાં ક્યાં ઊભા છો.”**

### અપેક્ષા સાંગાનેરિયા

તે બિટ્સ પિલાની હૈદરાબાદમાંથી બેચલર ઑફ ફાર્મસી થઈ છે અને કેમિસ્ટ્રીમાં એમ.એસસી. થઈ છે. તેણે ઇન્ડિયાહૅલ્થલિંક નામના આરોગ્ય ક્ષેત્રના સ્ટાર્ટ અપમાં કામ કર્યું છે. ત્યાં તેણે હૅડ ઑફ બિઝનેસ ડેવલપમેન્ટ તરીકે કામ કર્યું છે અને કંપની શરૂ થઈ ત્યારથી તે તેમાં સંકળાયેલી હતી. તેણે ઘરેઘરેથી વણવપરાયેલી દવાઓ ઉઘરાવીને જે લોકોને ખરેખર જરૂર છે તેમને નિઃશુલ્ક દવાઓ પૂરી પાડવાની એક સામાજિક પહેલ મેડિડ્રાઇવ પણ શરૂ કરી હતી.

### ગિરીશ રાજ

ગિરીશ રાજે પૂણેની કૉલેજ ઑફ એન્જિનિયરિંગમાંથી એન્જિનિયરિંગ કર્યું છે. ઇસરો સાથે સ્પેસમાં વિદ્યાર્થીઓનો એક ઉપગ્રહ ‘સ્વયમ્’ તરતો મૂકાયો હતો. આ ઉપગ્રહ વિકસાવનાર કૉલેજ ટુકડીનો ગિરીશ એક ભાગ હતો.

### કનિષ્ક ખૈર

કનિષ્ક વિશ્વેશ્વર્યા નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટૅક્નૉલૉજીમાંથી વર્ષ ૨૦૧૬માં ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાં બી.ટૅક. થયો છે. જ્યારે તે ડિગ્રીનું ભણતો હતો ત્યારે તેણે તેના પ્રાધ્યાપક સાથે મળીને યુરિનલ માટે ઑટૉમેટિક પાણી છૂટે તેવી સિસ્ટમ બનાવી હતી. તેની પેટન્ટ લેવામાં આવી છે અને ભારતીય પેટન્ટ જર્નલમાં તે પ્રસિદ્ધ પણ થઈ છે.

### રશ્મી તેલ્તુમ્બડે

રશ્મીએ અમેરિકામાં ટૅક્સાસ ટૅક યુનિવર્સિટીમાંથી વર્ષ ૨૦૧૪માં ઇકૉનૉમિક્સ એન્ડ મેનેજમેન્ટમાં બીબીએની ડિગ્રી મેળવી છે. તેણે નાની ઉંમરમાં ૧૪ એકેડેમિક એવૉર્ડ જીત્યા છે. તેણે નેટ્ટેક પ્રાઇવેટ લિમિટેડમાં બિઝનેસ ડેવલપમેન્ટ એક્ઝિક્યુટિવ તરીકે ૨૮ મહિનાનો કાર્યાનુભવ મેળવ્યો છે. તે વ્યાવસાયિક ટેનિસ ખેલાડી પણ છે અને તેણે ત્રણ જુનિયર ગ્રાન્ડ સ્લામ (બે ઑસ્ટ્રેલિયા અને એક યુએસ ઑપન)માં દેશનું પ્રતિનિધિત્વ કરેલું છે. તે જુનિયર ઇન્ડિયન ફેડ કપ ટીમની કૅપ્ટન પણ રહી ચૂકી છે.

### અપરાજિતા શર્મા

અપરાજિતા મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં પબ્લિક પૉલિસીમાં માસ્ટર્સ ડિગ્રી ધરાવે છે. તેણે આંતરયુનિવર્સિટી સ્પર્ધાઓ જેવી કે સ્વિમિંગ અને બાસ્કેટબૉલમાં તેની યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ પણ કર્યું છે. તેને જાહેર વક્તવ્ય, લઘુ ફિલ્મ બનાવવી અને ફૉટોગ્રાફીમાં ખૂબ જ રસ છે. તેણે એક જાણીતા સાંસદના ધારા સહાયક તરીકે પણ કામ કર્યું છે.

### ઉમંગ અગરવાલ

ઉમંગે મેરીલેન્ડ યુનિવર્સિટીમાંથી એનિમલ સાયન્સમાં પીએચ. ડી. કરેલું છે. તેને અમેરિકામાં પ્રાણી અને માનવ પોષણ સંશોધનનો છ વર્ષનો અનુભવ છે. તેણે અનેક પ્રાણીની પ્રજાતિઓ અને માનવો સાથે એ સમજવા કામ કરેલું છે કે પ્રાણીઓમાં ઉત્પાદન ક્ષમતા વધારવા માટે પોષક તત્ત્વોનો ઉપયોગ કઈ રીતે થાય છે.

### આકાંશા ચૌધરી

આકાંશા શ્રી રામ કૉલેજ ઑફ કૉમર્સની બેચલર ઑફ આર્ટ્સ (ઇકૉનૉમી ઑનર્સ) છે. તે આ કૉલેજમાં પાંચમા ક્રમે આવી હતી. તે સારી ચિત્રકાર પણ છે. તેણે જયપુરમાં જવાહર કલા કેન્દ્રમાં તેનાં ચિત્રોનું પ્રદર્શન પણ યોજ્યું હતું. તે મિસ ઇન્ડિયા એલાઇટ નામની રાષ્ટ્રીય સૌંદર્ય સ્પર્ધાની વિજેતા પણ છે. તેના આધારે તેણે આંતરરાષ્ટ્રીય સ્પર્ધા મિસ ફેસ ઑફ બ્યુટી ઇન્ટરનેશનલમાં પણ ભાગ લીધો. તેણે કનિકા કપૂર, રણદીપ હૂડા, ગૌહર ખાન, ઝરીન ખાન સહિતની હસ્તીઓ સાથે અગ્રણી ફૅશન શૉમાં ભાગ લીધો છે.

### અદિતિ અગરવાલ

અદિતિ રાયબરેલીની નિફ્ટની ફેશન ડિઝાઇન ગ્રેજ્યુએટ છે. તેણે લખનઉની હાથવણાટ ભરતકામ ચિકનકારીની ઑનલાઇન રિટેઇલ ગારમેન્ટ જેની બ્રાન્ડનું નામ ગો લખનઉ છે તેમાં કામ કર્યું છે.

### સી.એ. પ્રખ્યાત

તેણે કૉમર્સમાં સ્નાતકની ડિગ્રી મેળવી છે. ઉપરાંત તેણે સી.એ. પણ સફળતાપૂર્વક કર્યું છે. ઉપરાંત તેણે જાતે ફિલ્મ બનાવવાનું શીખ્યો છે. તેણે દસ્તાવેજી, લઘુ ફિલ્મો, મ્યૂઝિક વિડિયો, જાહેરખબરો અને પ્રૉમો વિડિયો બનાવ્યા છે. આ બધું તેની વિમીયો ચેનલ પર જોઈ શકાય છે. તેની નવ લઘુ ફિલ્મોને એવૉર્ડ પ્રાપ્ત થયા છે અને તેની ફિલ્મો અમેરિકા, યુ.કે., કેનેડા, સ્લોવેનિયા અને ભારત સહિતના ૧૭ આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલમાં પસંદગી પામી છે.

### ઓઝૈર હમદાની

તેણે દક્ષિણ આફ્રિકાની કેપટાઉન યુનિવર્સિટીમાંથી મિકેનિકલ એન્જિનિયરિંગ કર્યું છે. બિલ અને તેની પત્ની મિલિન્દા ગેટ્સ ફાઉન્ડેશન દ્વારા ભંડોળ પ્રાપ્ત એક પ્રૉજેક્ટ પરના સ્ટાર્ટ અપમાં તેણે ઇન્ટર્નશિપ કરેલી છે. તેણે મોટા ભાગની જિંદગી આફ્રિકા ખંડમાં વિતાવી છે, જેમાંથી બાર વર્ષ બોત્સ્વાનામાં વિતાવ્યાં છે.

તો વિદ્યાર્થી મિત્રો, તમે પણ આ તમારા જેવા જ વિદ્યાર્થી મિત્રોની સફળતાની ગાથામાંથી પ્રેરણા બની મોટા થઈ તેમના જેવા બનવાનો અત્યારથી જ દૃઢ સંકલ્પ કરજો. આયોજનપૂર્વક રણનીતિ બનાવીને ભણવાની સાથોસાથ રમતગમત, સંશોધન, સૌંદર્ય સ્પર્ધા કે અન્ય પ્રવૃત્તિમાં પણ કઈ રીતે આગળ વધી શકાય તે નક્કી કરજો, કારણકે આજના સંજોગોમાં માત્ર અભ્યાસ મહત્ત્વનો નથી. તેમાં નિપુણતા અને સાથોસાથ તમારી અન્ય સારી આવડતો પણ મહત્ત્વની છે.

## ટપકાં જોડી કલર પૂરો



## આપેલાં ચિત્ર જોઈ ખાનામાં ખૂટતો શબ્દ મૂકો

B ☐ T





S ☐ N

B ☐ X





H ☐ T

A E I O U

## ઉખાણાં

**ઠંડી હવાનાં ઠંડાં મોતી,**
**પાંદડે પાંદડે બેસે,**
**ખેતર ને ઝાડોમાં,**
**જાણે વરસાદજી તો પેસે**

○ વમળ ○ ઝાકળ ○ ભમરો ○ મધમાખી

**કૂબડો કરસનદાસ,**
**ને લૂગડાં પે'રે પચાસઃ**
**ભાજીનો ભગવાનદાસ,**
**તેનું શાક થાય ખાસ**

○ લીમડો ○ કોબી ○ મેથી ○ પાલક

**ઝાડનું છોકરું ઘેર ઘેર વસતુંઃ**
**હજાર ચીજો થાય, જે સુતાર ઘરે રમતું**

○ લોખંડ ○ તાંબું ○ લાકડું ○ સ્ટીલ

**પઢતો પણ પંડિત નહિ,**
**પૂર્યો પણ નહિ ચોર,**
**ચતુર હોય તો ચેતજો,**
**પધુરો પણ નહિ મોર**

○ પોપટ ○ કબૂતર ○ ચકલી ○ ઘુવડ

**સુગંધી હીણાં ફૂલ, જેની પાંખડી હજાર,**
**અનેક રંગ થાય જે છે તૂરાનો શણગાર**

○ ગુલાબ ○ હજારીગોટો ○ મોગરો ○ કમળ

**જવાબ:** ઝાકળ 'પાલક' 'લાકડું' 'મોર' હજારીગોટો

# દરિયાના મોંજાએ ઝઘડતા બાળકોને શું સંદેશો આપ્યો?



એક હતુ હાથપ નામનું ગામ. ગામમાં કેટલાંક બાળકો રવિવારની રજામાં દરિયા કિનારે રમી રહ્યાં હતાં. બાળકોને તો દરિયાના પટમાં રેતીનું ઘર બનાવવાનું બહુ ગમે. પ્રિયા અને સ્નેહાએ સરસ ઘર બનાવ્યું. થોડી વારમાં ત્યાં એમની શાળામાં તેમની સાથે જ ભણતી છોકરી નેહા આવી.

તેને પણ એ જ જગ્યાએ ઘર બનાવવું હતું. જ્યાં પ્રિયા અને સ્નેહાએ ઘર બનાવેલું. તેણે દલીલ કરી કે 'આ જગ્યા તો મારી છે, કાલે મેં અહી જ ઘર બનાવેલું.' એમ કહીને તેણે તો પ્રિયા અને સ્નેહાએ બનાવેલું ઘર તોડી પાડ્યું. પોતાનું ઘર તોડી પાડે તે કોને ગમે? ભલે ને તે રેતીનુ જ ઘર કેમ ન હોય? આથી પ્રિયા, સ્નેહા અને નેહા વચ્ચે તો ભારે ઝઘડો થઈ ગયો. પરંતુ નેહા સામે પ્રિયા અને સ્નેહાનું કંઈ ન ચાલ્યું. આથી તે બંને રોતી રોતી ઘરે ગઈ.

નેહાએ તો પ્રિયા અને સ્નેહાના જવાથી મળેલી ખાલી જગ્યામાં પોતાનું ઘર બનાવવા માંડ્યું. આસપાસમાંથી થોડાં નાના શંખલા વીણી લાવી તેણે ઘરને સરસ રીતે સજાવ્યું. સળીઓની વાડ પણ બનાવી. નેહા ઘર બનાવવામાં ઓતપ્રોત હતી ત્યાં તેમની સાથે ભણતી બીજી એક બહેનપણી નીતા આવી. નીતાએ પણ આ જગ્યા પર દાવો માંડ્યો. તેણે કહ્યું, આ તો મારી જગ્યા છે. પરમ દિવસે મેં અહીં જ ઘર બનાવેલું. હવે નેહા અને નીતા વચ્ચે ઝઘડો થયો. પરંતુ નીતા સામે નેહાનુ કંઈ ન ચાલ્યું. આથી હવે વારો નેહાનો હતો. તે રડતી રડતી ઘરે ગઈ.

નીતા તો નેહાનું ઘર તોડીને પોતાનું મનપસંદ ઘર બનાવવા માંડી જેમાં તેણે પોતાનું નામ પણ સુંદર અક્ષરે લખ્યું. પરંતુ ત્યાં થોડી વારમાં નેહા પોતાની મમ્મી સાથે ત્યાં આવી. નેહાની મમ્મી નીતાને ખીજવવા લાગી. 'કેમ મારી દીકરીને તું રમવા નથી દેતી? આ કંઈ તારી જગ્યા છે?' ત્યાં પ્રિયા અને સ્નેહા પણ તેમની મમ્મીને લઈને આવી પહોચ્યાં. પ્રિયા અને સ્નેહાની મમ્મીઓએ નેહા તેમજ તેની મમ્મીને ઠપકો આપ્યો. આમ કરતાં તો બધી છોકરીઓની મમ્મીઓ ઝઘડી પડી. મોટા મોટા અવાજે અને લાંબા હાથ કરી કરીને તેઓ પોતપોતાની દીકરીઓ માટે ઝઘડવા માંડી. દરેકનું કહેવું હતું કે આ જગ્યા પર કોઈનું નામ નથી લખ્યું તો શા માટે તેમની દીકરીને અહી રમવા નથી દેવાતી ? પરંતુ સાથો સાથ દરેક જણ આ જગ્યા પર પોતાનો દાવો પણ કરી રહ્યાં હતાં. જ્યારે હકીકત એ હતી કે એ જગ્યા તો સાર્વજનિક હતી. તેના પર કોઈ એક જણ કેવી રીતે પોતાનો દાવો કરી શકે ? મમ્મીઓએ તેમની દીકરીઓને આ વાત સમજાવવાની જરૂર હતી. પરંતુ આજકાલ ઘણી મમ્મી અને ઘણા પપ્પા પોતાના દિકરા – દીકરીના પ્રેમમાં એવાં આંધળા બની જાય છે કે વાંક તેમના સંતાનોનો હોય તો પણ સામે ઝઘડવા ચાલી નીકળે છે. મિત્રો, આવું ન કરવું જોઈએ.

આસપાસથી દરિયા કાંઠે ટહેલવા આવેલા લોકો પણ સમજાવટ માટે આવ્યાં પરંતુ જ્યાં મમ્મીઓ જ સમજવા તૈયાર નહોતી તો બાળકોને કોણ સમજાવે? લોકો પણ કંટાળીને ગયાં. મમ્મીઓએ પોત પોતાની દીકરીને કહ્યું. 'બનાવ તુ તારે ઘર, જોઉં છું, તને કોણ રોકે છે?' આથી દરેક દીકરી પ્રિયા, સ્નેહા, નેહા અને નીતા ઘર બનાવવા લાગી. પરંતુ પ્રિયા ઘર બનાવે ને નેહા તેને તોડી નાખે.નેહા ઘર બનાવે તો નીતા ઘર તોડી નાખે. આખરે કંઈક એવું થયુ કે મમ્મીઓ અને આ ચારેય બાળકીઓને પણ મજબૂત સંદેશો મળી ગયો.

થયુ એવું કે નેહા પ્રિયાનું ઘર તોડીને પોતાનું ઘર બનાવી રહી હતી. ત્યાં દરિયાનું જોરદાર મોજું આવ્યુ ને નેહાનું ઘર તૂટી ગયું. આ જ રીતે નીતા નેહાનું ઘર તોડીને પોતાનું ઘર બનાવી રહી હતી ત્યાં ફરી દરિયાનું મોંજુ આવ્યું ને નીતાનું ઘર તૂટી ગયું.

મોંજાને પણ જાણે વાચા ફૂટી હોય તેમ તે બોલ્યું, 'હું કુદરત છું આ જગ્યા કુદરતની છે. કુદરત બધાની છે. એટલે આ જગ્યા પણ મારી છે. અને એટલે આ જગ્યા બધાની છે. તમારે રમવું હોય તો સંપીને રમો નહી તો હું ફરી આવીશ અને બધાનાં ઘર તોડી પાડીશ. કોઈ ચીજ શાશ્વત નથી.તમારુ ઈંટનું બનેલુ ઘર પણ હું ધારું તો સુનામી રીતે તોડી પાડી શકું છું. તો આ તો રેતીનું ઘર છે.' મોંજાએ મમ્મીઓને પણ ચેતવણી આપી, 'તમારી જવાબદારી છે કે ભાવિ પેઢીને હળીમળીને રહેતાં શીખવો. પર્યાવરણનું સન્માન કરતા શીખવો. તેના બદલે તમે તમારી દિકરીઓને ખોટી વાતમાં સાથ આપો છો. આ જગ્યા પર તમારો દાવો કરો છો. યાદ રાખો પૂર બનીને હુ આવીશ. તો તમને અને તમારી દિકરીઓને તાણીને લઈ જઈશ. માટે ભગવાને જેટલી જિંદગી આપી છે તેટલી હળીમળીને અને પ્રેમથી વિતાવો.'

મોંજાની આ વાતથી મમ્મીઓ અને તેમની દીકરીઓને બોધ પાઠ મળી ગયો. મિત્રો તમે પણ કોઈ બાગ, બગીચા, કોઈ મેદાન કે દરિયા કિનારે જેવી સાર્વજનિક જગ્યાએ જાવ તો સાથેના મિત્રો સાથે હળીમળીને રમજો. પર્યાવરણને ઝાડને કે કોઈ પ્રાણીને નુકસાન ન થાય તેમ રમજો.

## એક સરખાં બે ચિત્રોમાં સાત તફાવત છે તે શોધો







## આપેલાં ચિત્રમાં જુદા પડતા ચિત્ર પર " કરો



## આપેલા નંબર પ્રમાણે માછલીમાં કલર પૂરો

1 - Blue
2 - Orange
3 - Yellow
4 - Red
5 - Pink
6 - White



## ભૂલભૂલૈયા: ૧

**અહીં દસ શાકનાં નામ આડાં અવળાં થઈ ગયા છે. જે તમારે શોધી કાઢવાનાં છે.**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બે | પ્ર | વા | તા | ળે | ઓ | ભીં | ડા | ભી | ડ | વા | બો | ટા | એ | દ્રો | ચી |
| વ | જ્ઞા | સી | હ | ડ | ને | ક | પ | ભા | રી | સ | મ | એ | પં | મ | ર |
| ન | રે | રીં | વા | ર | હે | થો | રે | લ | ફે | કા | વા | હ | ડ્યા | શ | કે |
| ટિ | સ | ની | ગ | ણા | એ | કો | ર | ન | ક્ય | રે | વા | યો | લૂ | કો | લા |
| મ | ચા | વી | ચા | ણ | લ | લા | ઈ | ને | ધ | લા | ન | પ્ય | દૂ | ઈ | પ |
| ટ્રા | ન્સ | લૂં | ટ | હા | ર્બ | ર | ક્ષે | કા | સા | રા | વ | હા | ર | ધી | ણે |
| ગુ | પે | કોં | ગ | થોં | ગ | એ | ફ્લા | બા | ના | મે | ર | ના | ખી | ચા | દ |
| ટ | પ | વ્હી | સ | લિં | સિ | ક | વ | નિ | યા | લે | ર | દિ | વ્ય | ઈ | સા |
| ની | જ | રા | તી | ગ | વ | ન | ર | પ્રા | વ | મ | રા | કો | મ | ઠી | વી |
| બ | મો | ટા | ફા | વિ | લે | કા | ચો | જી | રા | સ્તા | ના | ર | બી | ણ | ટ |
| રા | મ | ઈ | મે | જ | પ્રિ | ય | સ્ટ | સે | સ | મા | ણ | પિ | કા | પ | દિ |
| ને | પો | છે | લ | ટા | કે | આ | જ | ની | રી | બ | લા | વિ | કો | દૂ | ગુ |
| બૂ | ન | બા | ની | પો | ટ | આ | રૂ | ના | ટીં | દ | વા | બ | જ | રા | વા |
| બ | રી | લ | કા | ઈ | લ | સ | લ | હિ | છે | ડો | ખૂ | ણ | મ | લ | ર |
| ઈ | ચ | પ્રિ | ક | મો | રા | ળ | ખે | ચ | ગ્યો | લ | ળા | વ | વ | રિ | યા |
| સ | ર | ગ | વા | ની | શિં | ગ | છે | પ | ટે | અ | મે | ની | ષી | વિ | ઘા |

# ચાલો, નવા વર્ષે સંકલ્પ લઈએ- વધુ સારા નાગરિક અને સારા વિદ્યાર્થી બનીશું

નવું વર્ષ એ નવી શરૂઆત ઉજવવાનો પરંપરાગત સમય છે અને ખાસ કરીને ૭-૧૨વર્ષના બાળકો સંકલ્પ કરવાનું શીખવા માટે આદર્શ તબક્કામાં હોય છે. નિષ્ણાતો કહે છે કે ''તેઓ હજુ એટલા નાના હોય છે કે તેમનામાં કોઈ ટેવ દૃઢીભૂત થઈ નથી હોતી. જો તમે સંકલ્પો કરીને નવું વર્ષ શરૂ કરવા માગતા હો તો તમારાં બાળકોને આ વર્ષે સંકલ્પ કરાવીને નવા વર્ષની શરૂઆત કરાવો, તે નવા ધ્યેયો સ્થાપિત કરવા અને તેમને વળગી રહેવા માટેનું કિંમતી શિક્ષણ તો હશે જ, પરંતુ નવા વર્ષ માટે પ્રાપ્ત કરી શકાય તેવો સંકલ્પ પસંદ કરવાનો અભ્યાસ બાળકો માટે તેમનો સંદેશાવ્યવહાર અને નિર્ણય કરવાની શક્તિ વિકસાવવા માટેનો ગમ્મત સાથેનો માર્ગ હોઈ શકે છે. માતાપિતા બાળકોને સંકલ્પ શું છે તે સમજાવે અને ગત વર્ષોમાં તેમણે લીધેલા સંકલ્પોનાં ઉદાહરણો આપે તો બાળકોને વાત વધુ ગળે ઉતરશે. હવે, બાળકોએ પોતાની જાતને સુધારવા શું પ્રતિબદ્ધતા દાખવવી જોઈએ?''

બાળકો માટે નવા વર્ષના તંદુરસ્ત સંકલ્પો લેવડાવવા એ પરિવાર માટે અદ્‌ભુત કાર્ય છે. અહીં બાળકો તરફથી નવા વર્ષના કેટલાક તંદુરસ્ત સંકલ્પોનાં ઉદાહરણો આપવામાં આવ્યાં છે. જરા વિચારો! આ પૈકી તમે તમારા બાળક પાસે કયો સંકલ્પ લેવડાવશો અને તેનું પાલન કઈ રીતે કરાવશો?



## વર્તનમાં સુધારો

- હું મારા ઓરડામાંથી તમામ કચરો વીણી લઈશ અને ઓરડાને સ્વચ્છ રાખીશ.
- હું તમામ ચીજોને તેમની યોગ્ય જગ્યાએ જ મૂકીશ.
- હું રોજ મારા દાંતને બે વાર બ્રશ કરીશ.
- હું જ્યારે દ્વિચક્રીય પર હોઉં કે સ્કેટ બૉર્ડ પર હોઉં કે સાઇકલ પર હોઉં ત્યારે હેલ્મેટ પહેરીશ.
- જ્યારે હું કારમાં જઈશ ત્યારે સીટ બૅલ્ટ બાંધીશ અને પપ્પા કે મમ્મીને પણ તે માટે આગ્રહ કરીશ.
- હું અન્ય બાળકો સાથે સારું વર્તન કરીશ, ખાસ કરીને મારા વર્ગખંડમાં હોય તેમની સાથે.
- હું મારું નામ, ઘરનું સરનામું, શાળાનું નામ કે ફૉન ક્રમાંક જેવી અંગત માહિતી ક્યારેય ઑનલાઇન નહીં આપું.
- હું કમ્પ્યૂટર કે મોબાઇલમાં ચૅટ કરું ત્યારે મારાં માતાપિતાની પરવાનગી વગર મારો ફોટો નહીં શૅર કરું.
- હું મારી તબિયતની કાળજી રાખીશ.
- હું ટીવી પર હિંસક કાર્યક્રમો જોવાનું ઘટાડીશ અને વિડિયો ગેમ રમવાનું પણ ઘટાડીશ.
- હું મારા પડોશીઓને મદદ કરીશ.
- હું મારા વિશે નકારાત્મક વાતો જેમ કે "હું આમ ન કરી શકું", "હું તો ઢ છું" આવું બોલવાનું બંધ કરીશ.
- જ્યારે પણ ચિંતા કે તણાવ હોય ત્યારે હું ઊંચા અવાજે કે બૂમો પાડીને નહીં બોલું, તેના બદલે હું હકારાત્મક કે સકારાત્મક રસ્તો શોધી કાઢીશ જેમ કે કસરત કરવી, રમવું કે સમસ્યા વિશે મિત્ર કે માતાપિતા સાથે વાત કરવી.
- હું વાતચીત કરતી વખતે મારાથી મોટી ઉંમરના લોકો પ્રત્યે માન દાખવીશ.

## સારા આરોગ્ય પ્રત્યે કટિબદ્ધતા

- હું દિવસમાં શક્ય હશે તો ઓછામાં ઓછું એક ફળ ખાઈશ અને પડીકાબંધ ખોરાક અને જંક ફૂડને ખાવાનું ટાળીશ.
- હું રોજ કસરત કરવાની ટેવ પાડીશ.
- આસપાસનાં કામો કરવા હું દ્વિચક્રી વાહનના બદલે સાઇકલનો ઉપયોગ કરીશ.
- હું રાત્રે ઓછામાં ઓછું સાત કલાક ઊંઘ લઈશ.
- હું પૂરતું પાણી પીશ અને આરોગ્યને હાનિકારક ઠંડાં પીણાં પીવાનું ટાળીશ.
- હું કેલેન્ડર મુજબ અને પ્રાથમિકતા મુજબ મારા કામનું સમયપત્રક બનાવીશ અને તેને અનુસરીશ.

## તંદુરસ્ત પર્યાવરણ રાખવું

- હું મારા વાહનને ચાલુ અવસ્થામાં રાખીશ અને તેને નિયમિત રીતે જાળવીશ.
- હું ફરીથી ભરી શકાય તેવી પાણીની બૉટલનો ઉપયોગ કરીશ.
- હું પ્લાસ્ટિકની કોથળીઓનો ઉપયોગ ઘટાડીશ અને ફરીથી વાપરી શકાય તેવી ખરીદી માટેની થેલીનો ઉપયોગ કરીશ.
- હું રસાયણ આધારિત સૌંદર્ય પ્રસાધનનોનો ઉપયોગ નહીં કરું.
- હું પાણીનો બગાડ કરવાનું ટાળીશ.

## ડિજિટલ યંત્રોનો યોગ્ય ઉપયોગ

- હું મારી રમતોની પસંદ કરતા પહેલાં મારાં માતાપિતા સાથે ચર્ચા કરીશ.
- હું ફૉન કે અન્ય યંત્ર પર રમત રમવાનો સમય મર્યાદિત રાખીશ.
- હું ફૉન પર ઍપ ડાઉનલૉડ કરતા કે સામગ્રી જોતા પહેલાં મારાં માતાપિતાની સાથે વાત કરીશ.
- હું આરોગ્યની સમસ્યાઓ કે ભણવાની સમસ્યાઓ ન થાય તે માટે યંત્રોનો વધુ પડતો ઉપયોગ નહીં કરું.
- હું આ યંત્રોના કારણે આક્રમક વર્તન નહીં કરું અને તેનો/ની વ્યસની નહીં બનું.

## અભ્યાસની ટેવમાં સુધારો

- હું વધુ વ્યવસ્થિત બનીશ.
- હું મારી અભ્યાસેત્તર પ્રવૃત્તિઓનું આયોજન કરીશ




અને જે મારા માટે જારૂરી નહીં હોય તે નહીં કરું.

- હું તૈયાર કરેલા સમયપત્રકને અનુસરીશ અને તેમાં ક્યારેય પાછો/પાછી નહીં પડું.
- હું દરેક સ્થિતિ માટે વધુ હકારાત્મક વિચારીશ.
- હું મારો અભ્યાસ પૂરો કરવા માટે સાતત્યસભર બનીશ.
- હું મારા ધ્યેય પર છેલ્લી મિનિટ સુધી કેન્દ્રિત રહીશ.
- હું મારી જાતે અભ્યાસ કરીશ અને મારા માર્ક સુધારવા વધુ મહેનત અને અભ્યાસ કરીશ.
- હું મારા હસ્તાક્ષર સુધારીશ.
- સ્પર્ધાઓનો સામનો કરવા તમામ રીતે ચુસ્ત રહેવા હું મારી જાતની કાળજી રાખીશ.

## સફળતા માટેની ચાવી મેળવવાનો રસ્તો

- હું મારું અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા રોજ ધ્યાનનો અભ્યાસ કરીશ.
- હું રોજ કંઈક નવું શીખીશ.
- હું વધુ ને વધુ પુસ્તકો વાંચીશ.
- જ્યારે રમતો/તી હોઉં ત્યારે હું કુદરત સાથે વધુ સમય ગાળીશ.

## ખિસ્સા ખર્ચનો યોગ્ય ઉપયોગ

- હું મારા ખર્ચનો હિસાબ તેમજ જરૂરિયાતોને એક ડાયરીમાં નિયમિત લખીશ.
- હું મારી પ્રાથમિકતા પ્રમાણે મારા ખર્ચની વિગતો તૈયાર કરીશ.
- દર મહિને હું કંઈક ને કંઈક બચત કરવાની ટેવ પાડીશ.
- આ બચતને મારાં માતાપિતાની સલાહ મુજબ ક્યાંક રોકીને તેને અનેકગણી કરવાનો પ્રયાસ કરીશ.
- હું મને મળતાં તમામ નાણાંનો ઉપયોગ ખરીદી કરવા, ફિલ્મો જોવા, ગેમ ખરીદવા વગેરેમાં નહીં કરું.
- હા, દર ત્રણ મહિને હું મારી બચતમાંથી વાંચવા માટે એક પુસ્તક જરૂર ખરીદીશ.

## સમાજ અને સેવા પ્રત્યે પ્રતિબદ્ધતા

- હું તમામ સંપ્રદાયોનો અને ધર્મોનો આદર કરીશ.
- હું મારા દેશના સૈનિકોનું સન્માન કરીશ.
- હું આપણી રોજબરોજની જિંદગીમાં આપણને મદદરૂપ થનારા કોઈ પણ કામ કરનારા પ્રત્યે માનપૂર્વક વર્તીશ.
- હું ટ્રાફિકના નિયમોનું ચુસ્ત પાલન કરીશ.
- હું સારી આવતીકાલ માટે સારો/રી નાગરિક બનીશ.

આ રીતે, વિદ્યાર્થી મિત્રો, તમારી એક-એક મિનિટ, તમારો એક-એક કલાક, એમ કરતાં તમારું આખું વર્ષ બને છે. જો તમે આ નવા વર્ષને સારું બનાવવા માગતા હો તો દરેક મિનિટને સારી બનાવો. એક-એક મિનિટ સારી બનશે તો આખું વર્ષ આપોઆપ સારું બનશે.

"May this year bring new happiness, goals, achievements and a lot of new inspiration for your life. Wishing you a year fully loaded with happiness"

# જીવ મિલ્ખા સિંહની મુલાકાત



**પ્રશ્ન: ગોલ્ફ શરૂ કરવા માટે તમને શું પ્રેરણા મળી? ગોલ્ફ શરૂ કરવા માટે તમને કોણે પ્રેરણા આપી?**
**જવાબ:** મારા પિતા દ્વારા ગોલ્ફમાં મને રજૂ કરાઈ હતી. તે પછી હું ૯ વર્ષનો હતો. મારા પિતા પણ ગોલ્ફ રમ્યા. અમારી પાસે ૪-૫ ખેલાડીઓની સારી કંપની હતી. અમે એકબીજા સાથે સ્પર્ધા કરી. તેથી મને પ્રેરણા મળી અને કારકિર્દી તરીકે ગોલ્ફ રમવાનું શરૂ કર્યું.

**પ્રશ્ન: તમે ટુર્નામેન્ટ માટે કેવી રીતે તૈયારી કરો છો?**
**જવાબ:** સોમવાર પ્રવાસનો દિવસ હશે અને હું મંગળવારે સવારે ઊઠીશ, થોડી કોફી લઈશ અને પછી કેટલાક યોગ કરું છું. પછી હું કોર્સમાં જતો હતો. પછી હું ગોલ્ફના ભાગ પર કામ કરતો હતો જે કોર્સ રાઉન્ડમાં ખોટો હતો. હું ઘણું બધું કરું છું અને ચિપિંગ કરું છું કારણ કે તમે કોર્સમાંથી પસાર થતાં હરિયાળા ફેરફારો કરવા જઈ રહ્યા છો અને તમારે તેમાં સમાયોજિત કરવું પડશે. માનસિક ભાગની સજ્જતા વિશે વાત કરતાં હું કહું છું કે તમારે તમારામાં વિશ્વાસ રાખવાની જરૂર છે અને લાગે છે કે તમે ત્યાં શ્રેષ્ઠ ગોલ્ફર છો.

**પ્રશ્ન: જીતવા પાછળ રહસ્ય શું છે?**
**જવાબ:** મને લાગે છે કે તમારે મહેનત કરવી જોઈએ અને તમારે તમારામાં વિશ્વાસ કરવો પડશે. જો તમે તમારામાં વિશ્વાસ કરો તો બધું જ તમારી પાસે આવે છે. મને લાગે છે કે તે જીતવાની રહસ્ય છે.

# રાષ્ટ્રીય સ્તરે સ્પોર્ટ્સ ક્ષેત્રે ગુજરાતની નબળી છબીને સુધારવા PSSF સક્રિય પ્રયાસો કરશે

અમદાવાદ, જાન્યુઆરી ૧૦ વિવિધ રમતોમાં શ્રેષ્ઠ પ્રતિભાઓને શોધવા અને તેમને આગળ વધવા માટે જરૂરી પ્લેટફોર્મ પૂરું પાડવાના આશયથી અમદાવાદ સ્થિત પ્રોગેસિવ સ્કૂલ્સ સ્પૉર્ટ્સ ફેડરેશને (પીએસએસએફ) ઈન્ટર સ્કૂલ એથ્લેટિક મીટ ૨૦૧૯'ની જાહેરાત કરી છે. ગુજરાતમાં સ્કૂલ્સમાં સ્પૉર્ટ્સ કલ્ચરને પ્રોત્સાહન આપવા માટેની આ એક અનન્ય પ્રકારની ઈવેન્ટ છે.

આ એથ્લેટિક મીટ ગુજરાત યુનિવર્સિટી એથ્લેટિક ગ્રાઉન્ડ ખાતે ૨૭-૨૮ જાન્યુઆરી, ૨૦૧૯ દરમિયાન યોજાશે. પીએસએસએફ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને તક પૂરી પાડવા માટે વર્ષમાં આવી ચાર ઈવેન્ટનું આયોજન કરશે. સંસ્થા શ્રેષ્ઠ પ્રતિભાઓને શોધશે અને તેમને સન્માનિત કરશે સ્પૉર્ટ્સ ક્ષેત્રે જાગૃતતા લાવવા અને બાળકોમાં રહેલી ક્ષમતાઓ બહાર કાઢવા માટે સ્કૂલના કાર્યક્રમો કેવી રીતે ઘડવા તથા પ્રતિભાઓનું ઘડતર કેવી રીતે કરવું તે માટે સંસ્થા શાળાઓ સાથે સંકલન કરશે.

આ પ્રસંગે પીએસએસએફના કમિટી સભ્ય શ્રી મનન ચોકસીએ જણાવ્યું હતું કે 'અમે આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કોચની સેવાઓ લઈશં અને વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય સ્તરની તાલીમ મળે તે માટે તેમને ગુજરાત લાવીશું. કોઈ એક વિદ્યાર્થીને કોચની ફી પરવડી ન શકે એટલે પીએસએસએફ આવા કાર્યક્રમો ઘડવા માટેનું એક માધ્યમ બનશે. અમે વિદ્યાર્થીઓને ટ્રેનિંગ અને ટુર્નામેન્ટ માટે સ્પોન્સરશિપ મળે તે માટે પણ મદદ કરીશું.'

પીએસએસએફ અમદાવાદની લગભગ ૪૦ સેલ્ફ ફાયનાન્સ સ્કૂલોનું બનેલું એક સંગઠન છે. ભારતનાં અનેક રાજ્યો દર વર્ષે મોટી સંખ્યામાં શ્રેષ્ઠ રમતવીરો આપે છે. ગુજરાતને આવાં રાજ્યોની સમકક્ષ લાવવા માટે આ શાળાઓ સાથે મળીને પ્રયાસ કરશે.

તમામ આધુનિક સુવિધાઓ સાથેનું વિશેષ સ્પોર્ટ્સ ટ્રેનિંગ કોમ્પ્લેક્સ ઊભું કરવા માટે પીએસએસએફ અમદાવાદમાં જમીન ફાળવવા માટે રાજ્ય સરકારને વિનંતી પણ કરશે. આનાથી વધુને વધુ બાળકો ઓછા ખર્ચે ટ્રેનિંગ સુવિધાઓ મેળવી શકશે.

આ અંગે વધુ વિગતો આપતાં પીએસએસએફના કમિટિ મેમ્બર શ્રી જીગીશ શાહે જમાવ્યું હતું કે 'પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ ફિઝિયો, ન્યૂટ્રીશન એક્સપર્ટ અને સાઈકોલોજિસ્ટોની સેવાઓ મળે તે માટે ફેડરેશન મદદ પૂરી પાડશે. સ્પૉર્ટ્સ ઈવેન્ટ્સ સાથે જ પરીક્ષાઓ ન યોજાય, પ્રતિભાશાળી ખેલાડીઓને સ્કોલરશિપ મળે, ટ્રેનિંગ અને ટુર્નામેન્ટ સંબંધિત પ્રવાસ માટે જરૂરી રજાઓ મળે, વધારાના અભ્યાસ માટે મદદ મળે વગેરે બાબતો સંદર્ભે એક કોમન એકઝામ કેલેન્ડર તૈયાર કરવા અમે સ્કૂલો સાથે સંકલન સાધીશું. સમગ્ર તથા ઉદ્દેશ વિદ્યાર્થીને શાળાથી લઈને ઑલિમ્પિક સુધી લઈ જવા માટે તમામ પ્રકારની મદદ કરવાનો છે.'

## વક્તૃત્વ સ્પર્ધામાં વિજેતા



સરદાર વલ્લભભાઇ પટેલ મેમોરિયલ સોસા., શાહીબાગ દ્વારા સરદાર પટેલની ૬૮મી પુણ્યતિથિ નિમિત્તે યાજેયલી વક્તૃત્વ સ્પર્ધામાં રામેસ્વર સ્કૂલ નિકોલની ધો. ૯ની વિદ્યાર્થિની રોહડિયા કોમલ નાગરદાનને દ્વિતીય ઇનામ રૂા. ૧૫૦૦ મળેલ છે. આ ઉપરાત શિક્ષક કેટેગરીમાં આ જ સંસ્થાના શિક્ષક નિલાંજશા બી. દવેને પ્રથમ ઇનામ રૂા. ૨૦૦૦ મળેલ છે. શાળાના આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ શાળાને ગૌરવ અપાવનાર વિદ્યાર્થિની અને શિક્ષકને શાળા પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

## ઈશિતા ધામેલિયા અને વિશાખા ધામેલિયા નેશનલ જિમ્નાસ્ટિક કોમ્પિટિશનમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે



સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઇન્ડિયા આયોજિત ૬૪મી નેશનલ સ્કૂલ ગેમ ત્રિપુરા રાજ્યના અગરતલા મુકામે યોજાશે. આ કોમ્પિટિશનમાં ગુજરાત રાજ્યના ખેલાડીઓમાં યુ-૧૪માં ઈશિતા રાજેશકુમાર ધામેલિયાની પસંદગી થઈ છે. ઇશિતા પી.પી. સવાણી ચૈતન્ય વિદ્યાસંકુલ-અબ્રામામા આઠમા ધોરણમાં અભ્યાસ કરે છે. તેણી રાજ્ય કક્ષાએ બે ગોલ્ડ, ચાર સિલ્વર અને સાત બ્રોંઝ મેડેલ મેળવી ચૂકી છે અને ચાર નેશનલ કોમ્પિટિશન રમી છે.

વિશાખા રાજેશકુમાર ધામેલિયા કૌશલ વિદ્યાભવનમાં અગિયારમાં ધોરણમાં અભ્યાસ કરે છે. તેણી યુ-૧૭માં પસંદગી પામી છે. વિશાખા આજ સુધીમાં ૧૩ નેશનલ કોમ્પિટિશન રમી ચૂકી છે. વિશાખાએ રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાના ગોલ્ડ, સિલ્વર અને બ્રોંઝ મળીને કુલ ૬૭ મેડેલ મેળવ્યા છે.

# મકરસંક્રાંતિ: સૂર્ય દેવને સમર્પિત અનોખો તહેવાર

મકર સંક્રાંતિ હિન્દુ કેલેન્ડરમાં કદાચ એક માત્ર તહેવાર છે જે સૂર્યની ગતિ પ્રમાણે આવે છે. સામાન્ય રીતે તે ૧ ૪ જાન્યુઆરીએ ઉજવાય છે, પરંતુ ક્યારેક તે ડિસેમ્બરમાં કે ૧૫ જાન્યુઆરીએ પણ હોઈ શકે છે. આ દિવસથી દિવસ ધીમેધીમે લાંબો થવા લાગે છે. આ તહેવાર હિન્દુ દેવતા સૂર્યને સમર્પિત છે. આ દિવસથી કમૂર્તા પૂરા થાય છે અને આ દિવસને ઉત્તરાયણ પણ કહે છે. તે સૂર્ય ખ ા સ ા કરીને, ગાયત્રી મંત્રનું મહત્ત્વ પણ દર્શાવે છે. ગાયત્રી મંત્ર એ પવિત્ર મંત્ર છે જે સૌથી પ્રાચીન ગ્રંથ ઋગ્વેદમાં જોવા મળે છે.



મકરસંક્રાંતિને આધ્યાત્મિક પરંપરાઓ પ્રમાણે ઘણો અગત્યનો તહેવાર માનવામાં આવે છે. આ દિવસે ગાયને ઘાસ નીરવામાં આવે છે. તેની પૂજા થાય છે. ગરીબોને દાન આપવામાં આવે છે. ઘણા લોકો ગંગા, યમુના, ગોદાવરી, સરસ્વતી, નર્મદા, સિંધુ, કાવેરી, કૃષ્ણા વગેરે પવિત્ર નદીઓમાં સ્નાન કરે છે અને પોતાનાં પાપ ધોવે છે. તેઓ સૂર્યને અર્ઘ્ય આપીને તેની પૂજા પણ કરે છે. પોતાની સફળતા અને સમૃદ્ધિ તથા દેશની શાંતિ-સમૃદ્ધિ માટે પ્રાર્થના પણ કરે છે. આમ તો આ તહેવાર નિમિત્તે સમગ્ર ભારતમાં જુદી-જુદી પ્રથા જોવા મળે છે. ગુજરાતમાં પણ જામનગર-જૂનાગઢ બાજુ પતંગ ચગાવાતા નથી. પરંતુ આમ છતાં કેટલીક ઉપરોક્ત બાબતો સમગ્ર ભારતમાં સમાન જોવા મળે છે. આ દિવસે લોકો શેરડી, તલ, સિંગની લાડુડી કે ચિકી ખાય છે. આના કારણે શરીરમાં શિયાળામાં જે તેલની કમી આપણા શરીરમાં આવી હોય તે દૂર થાય છે. આ મીઠાઈ લોકો હળીમળીને ખાય છે. બધા એક સરખી મીઠાઈ જ બનાવે છે તેમ છતાં પડોશીઓને અને સગાસંબંધીઓને તે આપવા જાય છે. મરાઠીમાં કહેવત છે, "તલ ગુડ ઘ્યા આણિ ગુડ ગુડ બોલા." અર્થાત તલ-ગોળ ખાવ અને મીઠુંમીઠું બોલો. મિત્રો, આપણને ખબર છે કે કોઈ આપણા વખાણ કરે તો આપણને ગમે છે. પરંતુ કોઈ આપણા વિશે કડવી વાણી ઉચ્ચારે તો આપણને તે ગમતું નથી. આનો અર્થ એ જ શીખવાનો છે કે આપણે પણ કોઈના પ્રત્યે કડવી વાણી ન બોલવી જોઈએ. વિવિધતામાં એકતાના આ તહેવારને ઉજવવો જોઈએ.



ઉત્તરાયણનો તહેવાર કહે છે કે હવે શિયાળો પૂરો થયો અને ઉનાળાની શરૂઆત થશે. ખેડૂતો માટે પણ લણણીની ઋતુ શરૂ થાય છે. ભારતમાં તેને સૌથી અગત્યના લણણી દિવસ તરીકે ખેડૂતો મનાવે છે. ભારતના અનેક ભાગોમાં રવી પાક અને કૃષિ ચક્રનો આ અગત્યનો તબક્કો છે જ્યાં પાક વવાય છે અને ખેતીમાં મહેનતનો તબક્કો લગભગ પૂરો થાય છે. હવે બધા માટે એકબીજાને હળવામળવાનો, સાથે મળીને આનંદ કરવાનો, પશુઓની કાળજી લેવાનો અને તાપણાંનો આનંદ લઈ ઠંડી ઉડાડવાનો સમય છે.

મકરસંક્રાંતિનો તહેવાર સમગ્ર ભારતમાં ઉજવાય છે. તે અલગ-અલગ રાજ્યોમાં અલગ-અલગ રીતે ઉજવાય છે. તે દેશમાં અલગ-અલગ નામે ઉજવાય છે. તેમાં અલગ-અલગ પરંપરાઓ ભળે છે. અન્ય દેશોમાં પણ હિન્દુઓ દ્વારા તે ઉજવાય છે પરંતુ અલગ-અલગ નામે અને અલગ-અલગ રીતે.

**નેપાળ: માઘે સંક્રાંતિ અથવા માઘી/ખિચડી સંક્રાંતિ**
**બાંગ્લાદેશ: શક્રેન/પૌષ સંક્રાંતિ**
**પાકિસ્તાન (સિંધ): તિરમુરી**

ભારતના અલગ-અલગ રાજ્યોમાં અલગ-અલગ પ્રકારે તે ઉજવાય છે. અનેક લોકો ગંગાસાગર, પ્રયાગમાં ડૂબકી લગાવે છે અને સૂર્ય દેવને પ્રાર્થના કરે છે. મકરસંક્રાંતિએ અનેક મેળા યોજાય છે. આ વર્ષે પ્રયાગમાં કુંભમેળો યોજાઈ રહ્યો છે. દર છ વર્ષે અર્ધ કુંભ અને દર બાર વર્ષે મહાકુંભ ચાર પવિત્ર સ્થાનો- હરિદ્વાર, પ્રયાગરાજ, ઉજ્જૈન અને નાશિકમાં યોજાય છે. ગંગાસાગર મેળો ગંગા નદીના કિનારે જ્યાં તે બંગાળની ખાડીમાં મળે છે, ત્યાં યોજાય છે. ઓડિશામાં મકર મેલા યોજાય છે. ઝારખંડ અને પશ્ચિમ બંગાળમાં તુસુ મેલા અથવા તુસુ પોરબ ઉજવાય છે. ભારતના અનેક ભાગોમાં આ દિવસે પતંગ ઉડાવાય છે. દર વર્ષે ગુજરાતમાં લગભગ ૨૦૦ તહેવારો ઉજવાય છે. તેમાં આંતરરાષ્ટ્રીય પતંગોત્સવનું અનેરું આકર્ષણ હોય છે. દેશવિદેશથી પતંગબાજો અમદાવાદના સાબરમતીના કિનારે આવી પહોંચે છે અને રંગબેરંગી પતંગોથી આકાશ ભરાય જાય છે. વર્ષ ૨૦૧૨માં ગુજરાતના પર્યટન નિગમે દાવો કર્યો હતો કે ગુજરાતના આંતરરાષ્ટ્રીય પતંગોત્સવમાં ૪૨ જેટલા દેશો ભાગ લે છે અને તેના કારણે ગિનીઝ બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડમાં તે નામ નોંધાવશે.



જોકે ૧૪ અને ૧૫ જાન્યુઆરી અમદાવાદમાં બે દિવસ તો કોઈ પોતાની અગાશી સિવાય ક્યાંય નજરે જ નથી પડતું. આ બે દિવસને ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણ તરીકે અનુક્રમે ઉજવાય છે. પતંગ ચગાવવાનો, પતંગ કાપવાનો, પતંગ લૂટવાનો નિર્દોષ આનંદ બાળકોથી લઈને વૃદ્ધો સહિત સહુ કોઈ માણે છે. આ દિવસે પરિવાર બધી ચિંતા છોડીને એક સાથે અગાશીએ પોતાના પડોશી કે મિત્રો સાથે કે સગાસંબંધીઓ સાથે તલની લાડુડી કે શેરડી ખાતાંખાતાં પતંગ ચગાવવાનો આનંદ માણે છે. જેમની પાસે પતંગ ન હોય તેમને પતંગ આપવામાં આવે છે.



જાતિ-જ્ઞાતિના ભેદભાવ ભૂલીને આનંદ માણવાનો પર્વ એટલે મકરસંક્રાંતિ. ગુજરાતમાં આ દિવસે શિયાળાનું ખાસ ખાણું ઊંધિયું પણ ઘણું ખવાય છે. જલેબી પણ લોકો ખાવાનું પસંદ કરે છે. મકરસંક્રાંતિના આગલા દિવસે રાત સુધી બજારોમાં એક પ્રકારનો ઉમંગ જોવા મળે છે. લોકો છેલ્લી ઘડી સુધી ખરીદતા જોવા મળે છે. આગલી રાત્રે પતંગોમાં કિનિયા બાંધવાનો અનેરો આનંદ માણતા હોય છે. આ દિવસે અનોખી પ્રકારની પતંગો ચગાવાતી હોય છે. કોઈ ગુજરાતના ગૌરવવાળી પતંગ ચગાવે છે તો કોઈ દેશભક્તિવાળી તો કોઈ વળી બીજા કોઈ સિદ્ધાંત સાથેની તો નાના ભૂલકાઓ કાર્ટૂનનાં ચિત્રોવાળી પતંગ ચગાવતા જોવા મળે છે.

# સંગીતના સૂરોની સાધના - આરાધના દ્વારા વિદ્યાર્થી જીવનને સાર્થક કરી શકાય

સંગીતના સાત સૂર એટલે - સા...રે...ગ...મ...પ...ધ...નિ...સા... આ સાત સૂર વિદ્યાર્થીના જીવનમાં તાણા-વાણાની માફક ગૂંથાયેલા છે. આ સાત સૂરોની સાધના-ઉપાસના કરી, નજર સમક્ષ રાખી અભ્યાસ કરવામાં આવે તો પ્રત્યેક વિદ્યાર્થી અભ્યાસમાં અને સહ અભ્યાસિક પ્રવૃત્તિઓમાં ચોક્કસ સફળતા મેળવી શકે. વિદ્યાર્થીના જીવન ઘડતર માટે સંગીતના સાત સૂરોનું મહત્વ અને અર્થ જોઈએ તોઃ

- **સા** સાધના, સારપ, સેવા અને સંકલ્પબદ્ધ બનવું.
- **રે** રેગ્યુલર રહી, રેકોર્ડ તોડી સિદ્ધિ હાંસલ કરવી.
- **ગ** ગરિમા જાળવી જ્ઞાન અને ગૌરવની પ્રાપ્તિ કરવી.
- **મ** મહાવરો અને મનન કરવું. મન પર કાબૂ રાખવો.
- **પ** પરિશ્રમી, પરોપકારી અને પ્રેમી બનવું.
- **ધ** ધગશ રાખવી અને ધૈર્ય ધારણ કરવું.
- **નિ** નિયમિતતા કેળવવી અને નિરાભિમાની બનવું.
- **સા** સાતત્યતા અને સ્થિરતા દાખવી વિદ્યાર્થી જીવનને સાર્થક કરવું.



## સા સાધના, સારપ, સેવા અને સંકલ્પબદ્ધ બનવું

વિદ્યાર્થી જીવનમાં અભ્યાસ એ સર્વોત્તમ સાધના છે. સારપ અને સેવા ઉત્તમ ગુણો છે. એકવાર સંકલ્પ કર્યા બાદ તે કાર્યને કેવી રીતે પાર પાડી શકાય તે વિચાર માંગી લે તેવું કામ છે. વિદ્યાર્થીઓએ એક ચોક્કસ પ્રકારનું લક્ષ રાખવું જોઈએ. લક્ષ રાખવાથી એક પ્રકારની દિશા પ્રાપ્ત થાય છે. દરેક વિદ્યાર્થીએ પોતાની શક્તિ અને કાર્યક્ષમતા અનુસાર લક્ષ નક્કી કરી તેને સિદ્ધ કરવા અથાગ પ્રયત્ન કરવો જોઈએ. લક્ષ પ્રાપ્તિનો નિર્ણય આપણામાં રહેલ આળસને દૂર કરે છે. વિદ્યાર્થીઓએ પોતાના ધ્યેયને સિદ્ધ કરવા માટે આત્મવિશ્વાસ કેળવી સાધના કરી, સારપ અને સેવાના ગુણો દ્વારા સંકલ્પબદ્ધ થઈ સતત પ્રયત્નશીલ રહેવું એ પ્રગતિની નિશાની છે.

## રે રેગ્યુલર રહી, રેકોર્ડ તોડી, સિદ્ધિ હાંસલ કરવી

વિદ્યાર્થીએ પોતાનો વ્યક્તિગત ધ્યેય નક્કી કરી તેને સિદ્ધ કરવા રેગ્યુલર પ્રયત્નો શરૂ કરી દેવા જોઈએ. સતત અને રેગ્યુલર પ્રયત્નો કર્યા સિવાય સફળતા મેળવી શકાતી નથી. વિદ્યાર્થીઓએ પોતાની આંતરિક શક્તિને ધ્યાનમાં રાખી ધ્યેયને સિદ્ધ કરવા માટે કેટલીક ગમતી બાબતોનો પણ ત્યાગ કરવો પડતો હોય છે. રેગ્યુલર અને નિયમિતતાના ગુણો દ્વારા ગમે તેવા રેકોર્ડ તોડવાની ક્ષમતા કેળવી દરેક વિદ્યાર્થી સિદ્ધિ હાંસલ કરી શકે છે.

## ગ ગરિમા જાળવી જ્ઞાન અને ગૌરવની પ્રાપ્તિ કરવી

પ્રિય અને સત્યવાણી વિદ્યાર્થીજીવનને સુગંધિત બનાવી ખિલવે છે. વિદ્યાર્થીકાળ વાણી અને વ્યવહારથી સાચી ઓળખ ઊભી કરવાનો મહામૂલો અવસર છે. વિદ્યાર્થી જીવનની ગરિમા તેની નમ્રતા અને વિવેકમાંથી પ્રગટ થતી હોય છે. દરેક વિદ્યાર્થીઓ સરસ્વતી માતાના પુજારી અને વિદ્યાના ઉપાસકો છે. વિનય અને વિવેકરૂપી સદ્‌ગુણ દ્વારા દરેક વિદ્યાર્થી શિક્ષણ જગતમાં શાળા અને કુટુંબને ગૌરવ અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવી, ગરિમા જાળવી જ્ઞાન અને ગૌરવ પ્રાપ્ત કરી શકે છે.

## મ મહાવરો અને મનન કરવું, મન પર કાબૂ રાખવો

અભ્યાસમાં સતત મહાવરો કરવામાં આવે તો જ સફળતાના શિખરો સર કરી શકાય છે. જેમ સોયમાં દોરો પરોવવાથી સોય ખોવાતી નથી તેમ મનને પરોવાયેલું રાખવાથી મન ખોવાતું નથી સંગીત કલાના ઉપાસકો પણ અસંખ્યવાર રિયાઝ એટલે કે પ્રેક્ટિસ કરીને જ કાર્યક્રમ કરવા જતા હોય છે. લક્ષ નજર એકનું એક કાર્ય વારંવાર કરવામાં આવે તો ગમે તેવું અઘરું લાગતુ કાર્ય પણ સરળ બની જાય છે.

## પ પરિશ્રમી પરોપકારી અને પ્રેમી બનવું

ઉદ્યમ અને ઉત્સાહ એ વિદ્યાર્થીઓના મહામૂલા મોભ અને પરિશ્રમ એ પારસમણિ છે. સખત પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. આરામ, વિરામ, અને અલ્પવિરામ જેવા શબ્દોનું પરિશ્રમી વિદ્યાર્થીઓના જીવનમાં કોઈ સ્થાન નથી. દરેક વિદ્યાર્થી પરિશ્રમ. પરોપકારી અને પ્રેમ દ્વારા સફળતાના ઉચ્ચમ શિખરો સર કરી, રાષ્ટ્રને પોતાનું બનાવી શ્રેષ્ઠતા મેળવી શકે છે.



## નિ નિયમિતતા કેળવવી અને નિરાભિમાની બનવું

વિદ્યાર્થી જીવનમાં પ્રગતિ કરવાનો સર્વોત્તમ ઉપાય નિયમતતા અને નિરાભિમાનીપણું છે. નમ્રતા વિવેક, નિખાલસતા વગેરે ગુણો વિદ્યાર્થીના જીવન વિકાસની મહત્વની ચાવીઓ છે. પોતાની સાથે અભ્યાસ કરતા સહાધ્યાયી મિત્રો સાથે પણ જરૂરી છે. વાણી, વર્તન, વ્યવહાર, નિયમિતતા અને નિરાભિમાનીપણું જેવા શબ્દોને વિદ્યાર્થી જીવનમાં આત્મસાધ કરવામાં આવે તો દરેક વિદ્યાર્થીઓનું જીવન સોળે કળાએ ખીલી ઉઠે છે.

## ધ ધગશ રાખવી તથા ધૈર્ય ધારણ કરવું

રોજ રોજ નવું જાણવાની અને નવું શીખવાની જિજ્ઞાસાવૃત્તિ જ વિદ્યાર્થીઓને સર્વોત્તમ શિખરો તરફ લઈ જાય છે. કોઈ પણ ધ્યેય ને ફળીભૂત કરવા માટે વિદ્યાર્થીઓમાં ધગશ અને ધૈર્ય હોવા જરૂરી છે. દરેક વિદ્યાર્થીએ અભ્યાસમાં મગ્ન થઈ, ધગશ રાખી, ધૈર્યપૂર્વક આગળ વધવું જોઈએ.

## સા સાતત્યતા અને સ્થિરતા દાખવી વિદ્યાર્થીજીવનને સાર્થક કરવું

ભણવું અને ભણાવવું એ એ વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચેની શૈક્ષણિક ફરજ અને અવિરત ચાલતી પ્રક્રિયા છે. આમ જોઈએ તો અભ્યાસ એ સતત ચાલતી યાત્રા છે. આ શૈક્ષણિક યાત્રાને સુખદ પાર પાડવા માટે વિદ્યાર્થીઓ અને શિક્ષકો પાસે ચોક્કસ વિઝન હોવું જરૂરી છે. દરેક વિદ્યાર્થીઓ પાસે કોઈને કોઈ પ્રકારની આવડત, કુનેહ હોય છે. પરંતુ તેને યોગ્ય દિશાએ વાળવા વિદ્યાર્થીઓએ અભ્યાસમાં સાતત્યતા અને સ્થિરતા દાખવવી જ પડે છે. અભ્યાસમાં સાતત્યતા અને સ્થિરતા હશે તો ચિંતન, મનન અને પુનરાવર્તન ને અવકાશ રહેશે. સાતત્યતા અને સ્થિરતાની સાથે સમજપૂર્વક નું વાંચન તથા લેખન જ વિદ્યાર્થી જીવન સાર્થક કરવાનાં શ્રેષ્ઠ સોપાનો છે. દરેક વિદ્યાર્થીઓમાં અનંત શક્તિઓ પડેલી છે. તેને પારખી, બહાર લાવવાનું કામ માતા-પિતા, વડીલો શિક્ષકો અને શિક્ષણવિદ્ માર્ગદર્શકોનું છે. રમત-ગમત અને સંગીત કલાના માધ્યમ દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલ શૈક્ષણિક અને સહઅભ્યાસિક સર્જનાત્મક શક્તિઓને બહાર લાવી, ખિલવાનું ઉત્તમ કાર્ય કરી શાંતિ આપવાનું કામ કરે છે. સંગીતના આ સૂરોની સાધના - આરાધના કરવામાં આવે તો ચોક્કસપણે વિદ્યાર્થીજીવનને સાર્થક કરી શકાય.

RNI No. GUJGUJ/2015/64872 Published by Archit Bhatt, Managing Editor and Printed by him at Divya Bhaskar, Regd Office: Bhasker House, Nr. YMCA Club, S. G. Highway, Changodar-Bavla Highway, Tq. Sanand, Dist. Ahmedabad.
All articles have been selected and scrutinized by Sub editor The Open Page: 4th Floor, Vishwa Arcade, Nr. Akhbarnagar, Opp. Kum-kum Party Plot, Nirnaynagar, Ahmedabad. Ph. No. 079-27621385, 27621386, Mo.No. 9586022210